જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૯/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૪૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૯	૪	૧૧૬૪૩	૧૭૭૫૦	૪	૧૭૭૫૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૦૪૩૧	૫૫	૭૦૪૮૬	૭૧૩૯૬	૬૧	૭૧૪૫૭
કુલ		૮૬૯૧૧	૫૯	૮૬૯૭૦	૯૫૮૦૨	૬૫	૯૫૮૬૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૯	૪,૩૬,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫૮	૮,૫૮,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૪૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૨૨૮ લીટર દેશી દારૂ, ૫૭૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન, ૨ રીક્ષા, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૪૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૬૪૯/૨૦૨૧**

નવરંગપુરાઃ હીરેન ભરતભાઈ ગાંધી (ઉ.વ.૪૬) (રહે.ઓર્ચીડ હાઈટસ ફલેટ એપલવુડ ટાઉનશીપ એસ.પી.રીંગ રોડ શાંતિપુરા ચોકડી પાસે શેલા) એ તા.૦૮/૦૯/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૧૫ થી તા.૦૮/૦૯/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જીગ્નેશભાઈ ભરતભાઈ મોદી (રહે.વ્રજવિહાર-૭ હંસ રેસીડેન્સી પાસે, આનંદનગર ચાર રસ્તાની બાજુમાં, સેટેલાઈટ) (૨) જીગીષાબહેન વા/ઓ પ્રગ્નેશભાઈ પટેલ અને (૩) પ્રગ્નેશભાઈ સુંદરલાલ પટેલ (બંને રહે.ગીરીરાજ ટેનામેન્ટ, અમુલના પાર્લર પાસે, ઘોડાસર) એ ભેગા મળી નવરંગપુરા સી.જી રોડ સમુદ્ર એનેક્ષી કોમ્પલેક્ષ, ઓફીસ ન.૧૦૪,૧૦૫ ખાતે આવેલ હીરેનભાઇની કંપની સાથે કરેલ કરારનો ભંગ કરી, ગ્રાહકોના હપ્તાની રકમના કુલ રૂપિયા ૪૪,૨૦,૬૦૬/- હીરેનભાઇની કંપનીમાં જમા નહી કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૬૫૦/૨૦૨૧**

ઓઢવઃ મંગારામ ગણેશરામ ચૌધરી (ઉ.વ.૩૩) (રહે. દેવનંદન રેસીડેન્સી ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૦૮/૦૯/૨૦૨૧ કલાક ૨/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ કઠવાડા રિંગરોડ સહજાનંદ બીઝનેશ પાર્ક પાછળ મધુરમ એસ્ટેટ શેડ નં.બી/૮૦ “કે એમ એન્ટરપ્રાઇઝ” નામના કારખાનામાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ટેબલના ડ્રોઅરનુ લોક તોડી રોકડ રૂપિયા ૨૦,૦૦૦/-,મોબાઇલ ફોન નંગ-૫ અને સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નંબર જીજે ૨૭ ડીઈ ૬૮૩૭ મળી કુલ રૂપિયા ૯૪,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસઇશ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

સેટેલાઈટઃ રાકેશ હસમુખલાલ ઝવેરી (ઉ.વ.૪૭) (રહે હિમાલી ટાવર કેન્યુગ એપાર્ટમેન્ટ સામે શ્યામલ ચાર રસ્તા સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંના કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૮૫,૦૦૦/- અને અંદાજે રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- થી ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

<u>પર્સ ઝુટવી લઈ ગયાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૬૫૧/૨૦૨૧</u>**

નવરંગપુરાઃ રોમિલ શૈલેષકુમાર મોદી (ઉ.વ.૨૮) (રહે. અનસુર્યા પાર્ક ગવર્મેન્ટ સ્વિમિંગ પુલ સામે વાડજ) તા.૦૮/૦૯/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તા પંજાબી હોલની ગલી જલારામ છાશ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક યામાહા એફ.ઝેડ મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ રોમિલ મોદીના હાથમાંથી બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ રોમિલ મોદીએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

<u>આત્મહત્યા:-</u> **<u>સમાચાર યાદી નં.૧૬૫૨/૨૦૨૧</u>**

આનંદનગરઃ ગૌતમભાઇ બાબુભાઇ પરમાર (ઉ.વ.૨૦)(રહે.કૃષ્ણાધામ વિભાગ-૨, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૯/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી ૩/૦૦ દરમ્યાન પોતાના ઘરે બારીમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ હમીરભાઇ ચલાવે છે.

નરોડાઃ તરૂણભાઇ જશવંતભાઇ પરમાર (ઉ.વ.૩૫)(રહે.કરૂણેશ એપાર્ટમેન્ટ ગંગોત્રી હોટલ પાછળ સુતરના કારખાના પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે બાથરૂમની અંદર લોખંડના સળીયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિંહ ભીમસિંહ ચલાવે છે.

અમરાઇવાડીઃ ભરતભાઇ જેસીંગભાઇ વાઘેલા (ઉ.વ.૩૩) (રહે.ચામુંડા કોલોની હાટકેશ્વર રોડ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૯/૨૦૨૧ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે બાપા સીતારામ મઢુલી નજીક ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી